અપીલ અરજી નં.૩૫ તા.૬–૫–૦૯ /૧૦

અરજદારઃ શ્રી ગુલામહુસેન ગુલામ રસુલ પતંગવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામહુસેન ગુલામ રસુલ પતંગવાલાની તા.૨૫–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૬૫૫ ઉપર બાંધવામાં આવેલ "વાડી"નું બાંધકામ કરતા અગાઉ રજુ કરવામાં આવેલ પ્લાન, રજાચીઠ્ઠી વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૫/૨૦૦૯–૧૦

શ્રી ગુલામહુસેન ગુલામ રસુલ પતંગવાલાની તા.૨૫–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૬૫૫ ઉપર બાંધવામાં આવેલ "વાડી"નું બાંધકામ કરતા અગાઉ રજુ કરવામાં આવેલ પ્લાન, રજાચીઠ્ઠી વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ નં.૭૭ તા. ૧૮–૪–૦૯ થી આપેલ મહિતીમાં મુદ્દા નં.૧ થી ૭ વિગતે નાણાં ભરવાનો કોઈ ખુલાસો ન કરવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦ તા.૧૩–૫–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક માહિતી મોકલવામાં આવેલ હોવાનું જણાતુ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતી પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ/ આ. ૭૭ તા.૧૮–૪–૦૯ રજુ કરેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં. ૧ થી ૭ બાબતે તમામ પુરાવાઓની અત્રે ઉપલબ્ધ એવી નકલો અંગે રૂા.૬૨૪/– ભરપાઈ કર્યા બાદ મેળવી લેવા જણાવેલ પરંતુ તેમાં આરટીઆઈ ની કલમ –૭(૩) અને આરટીઆઈ નિયમ–૩ તથા ૫ ની જોગવાઈ અનુસાર નિયત નમુનામાં કયા મુદ્દા માટે શાની વિગતે કેટલી નકલની ફી ભરવા પાત્ર થાય છે તેવું કોઈ વિવરણ જણાવવામાં આવેલ નથી. જે કલમ–૭(૩) થી કરેલ જોગવાઈ સાથે સુસંગત નથી.

અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ થી ૭ અંગે રૂા.૬૨૪/– ભરવા જણાવેલ છે તે અન્યાય કરતા હોવાનું જણાવેલ છે. સાથે અપીલ તબકકે કોઈ દસ્તાવેજી પુરાવો માંગેલ નથી કે સર્ટીફાઈડ નકલ માંગેલ નથી એવી રજુઆત કરેલ છે. પરંતુ અરજદારની તા.૨૫–૩–૦૯ ની મુળ અરજી ધ્યાને લેવામાં આવે તો મુદ્દા નં.૧ થી ૩ માં અરજદારે સ્વયં મિલ્કતના ક્ષેત્રફળના માપ વાળી નકલ માંગેલ છે જ તેવીજ રીતે મુદ્દા નં.૭ માં છેલ્લા વેરા બીલની નકલ માંગેલ છે. તથા મુદ્દા નં.૬માં આકારણીની વિગત માંગેલ છે. આમ અરજદારે અપીલમાં કરેલ રજુઆત નકલો માંગેલ નથી તે તેમની મુળ અરજી સાથે સુસં ગત નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ ૩ અને ૫ ની જોગવાઈ અનુસરી નિયત નમુનાના પત્રમાં દસ્તાવેજ ફીનું પુંરૂ વિવરણ અરજદારને દિન–૭માં જણાવવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારને સદરહુ વિગતો મળ્યેથી તેઓ ઈચ્છુક હોયતો દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. તે સિવાયના મુદ્દાઓ અંગે કોઈ તકરાર ન હોય કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગુલામહુસેન ગુલામ રસુલ પતંગવાલા ,૫/૬, સરીતા સોસાયટી,જહાંગીરપુરા, મોરાભાગળ સુરત...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.